અરવલ્લીમાં કોરોનાનો કાળો કહેર, ૧ દિવસમાં ૧૬ નાં મોત..!!

તંત્રના પાપે લાશના ખડકલા : રેમડેસિવિર ઈન્જેક્શન, ઓક્સિજનની અછત અને વેન્ટીલેટર ન મળતાં દર્દીઓ દમ તોડી રહ્યા છે

બાયડમાં કોરોનાથી વધુ ૨ નાં મોત

કોરોના હોટસ્પોટ બનેલા બાયડમાં દિવસે..દિવસે સ્થિતિ સ્ફોટક બની છે. વિશ્વાસુ સૂત્રોનું માનીએ તો બાયડમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા ૪૭૫ને પાર છે. આ બાબત અત્યંત ગંભીર હોવા છતાં બાયડ તેમજ વાત્રકની કોવિડ હોસ્પિટલમાં બેડ વધારવાની વિચારણા તંત્રએ કરી નથી. બાયડમાં ગત રોજ કોરોનાથી વધુ ૨ જણના મોત નિપજતાં હાહાકાર મચ્યો છે. કોરોનાએ છેલ્લા દોઢ મહિનામાં બાયડ બસ સ્ટેશન, જૂના બસ સ્ટેશન, ગામ સહિતના વિસ્તારોમાં ૧૨ થી વધુ લોકોનો ભોગ લીધો છે. બાયડમાં હાહાકાર મચાવતા કોરોનાના કારણે પ્રજા ભયના ઓથાર હેઠળ આવી ગઈ છે.

કોંગ્રેસ દ્વારા ઈન્જેક્શન, ઓક્સિજનની અછત મુદ્દે અરવલ્લી કલેક્ટરને આવેદન

જિલ્લામાં કોરોના કાળમુખો બન્યા પછી સફાળી જાગેલી કોંગ્રેસે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રેમડેસિવિર ઈન્જેક્શન અને ઓક્સિજનનો જથ્થો સત્વરે ઉપલબ્ધ કરાવવા માંગ કરી હતી. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે જિલ્લામાં આરોગ્ય સ્ટાફ ઓછો છે અને તેના ઉપર જિલ્લા કલેક્ટર ઢાંકપીછોડ કરી રહ્યા છે.

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કાળો કહેર સામે આવ્યો છે. ૧ દિવસમાં ૧૬ થી વધુ લોકો કોરોના તેમજ શંકાસ્પદ કોરોનાથી મોત નિપજતાં હાહાકાર મચ્યો છે. છેલ્લા કેટલાય સમયથી રેમડેસિવિર ઈન્જેક્શન, ઓક્સિજનની અછત અને વેન્ટીલેટર ન મળતાં કોરોનાગ્રસ્ત દર્દીઓના મોતમાં ઉછાળો આવ્યા પછી મોત પણ થરથર કાંપતું હોય તેવી અંદેશા પ્રસરી છે. તંત્રના પાપે લાશના ખડકલા થઈ રહ્યા છે. સ્વજનોના મોતથી રોષે ભરાયેલા લોકો હવે આરોગ્ય સ્ટાફ ઉપર હુમલો કરતા હોવાની ઘટનાઓ પ્રકાશમાં આવી છે તેનાથી તંત્રએ હવે ગંભીર બનવાની જરૂર છે.

બાયડ થી ભિલોડા સુધીના વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. હજારો લોકો કોરોનાથી ચેપગ્રસ્ત થયા પછી હોમ આઈસોલેશનમાં છે તે પૈકીના કેટલાક દર્દીઓની તબિયત લથળતાં સરકારી કોવિડ હોસ્પિટલથી માંડી ખાનગી હોસ્પિટલમાં દર્દીને દાખલ કરવા માટેના તમામ પ્રયાસો કરે ત્યારે જૂજ સફળતા મળે છે અને તેમાં શરત પણ મૂકવામાં આવે છે કે અમે બેડ આપીશું પરંતુ અમારી પાસે રેમડેસિવિર ઈન્જેક્શન અને ઓક્સિજનની અછત છે. પરંતુ પોતાના સ્વજનને બચાવવા માટે અપૂરતી સગવડ હોય તો પણ સ્વીકારી લેતા હોય છે. જિલ્લામાં હવામાં ઉડતા તંત્રએ જમીની હકીકત ઉપર કોઈ કામ કર્યું નથી જેના કારણે જિલ્લામાં કોરોનાથી મૃત્યુદર ઉંચકાયો છે. ભલે સરકારી ચોપડા ઉપર વિભાગે કોવિડ અને નોન કોવિડથી મૃત્યુના આંકડા પ્રદર્શિત કરી તેમાં પણ ભોળી પ્રજા સાથે ગેમ રમવાનો પ્રયાસ કર્યો છે તેને કુદરત ક્યારેય માફ નહીં કરે. પાછલા ૧ દિવસમાં જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડામાં કોરોનાના કારણે ૧૬ થી વધુ લોકોના મોત નિપજતાં હડકંપ મચી ગયો છે તે પૈકીના ૧૨ થી વધુ લોકોના જિલ્લામાં અને અન્ય જિલ્લામાં સારવાર માટે ખસેડાયેલા ૪ થી વધુ લોકોના મોત નિપજ્યાનું બહાર આવ્યું છે.

અરવલ્લી જિલ્લામાં રેપિડ ટેસ્ટ કીટની અછતથી પ્રજામાં દોડધામ, દહેશત વધી

આરોગ્ય વિભાગના અણઘડ આયોજનના કારણે સ્થાનિક કર્મચારીઓ ઉપર રોષ કાઢતી પ્રજા : રેમડેસિવિર ઈન્જેક્શન તો ઠીક પરંતુ હવે રેપિડ ટેસ્ટ માટેની કીટ પણ નસીબ નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

અરવલ્લીમાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. દૈનિક ૬ થી ૭ નાં મોત નિપજતાં હોવા છતાં દફતર ઉપર સાચી વિગતો આવતી નથી. કોરોનાના ટેસ્ટ બાબતે પ્રજામાં જાગૃતતા આવી ત્યારે એકાએક કીટની અછતથી પ્રજામાં દોડધામ મચી ગઈ છે. ધોમધખતા તાપમાં પ્રજા સામૂહીક આરોગ્ય કેન્દ્ર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કોરોના માટેનો રેપિડ ટેસ્ટ કરાવવા જાય છે પરંતુ કીટ ખલાસ થઈ ગઈ છે, આવતી કાલે નામ નોંધાવવા માટે આવજો તેમ કહી રવાના કરી દેવામાં આવે છે. આરોગ્ય વિભાગના અનઘડ આયોજનના કારણે સ્થાનિક કર્મચારીઓ ઉપર ટેસ્ટ માટે આવતી પ્રજા રોષ ઠાલવી રહી છે. અરવલ્લી જિલ્લામાં વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગની ઘોર બેદરકારીથી રેમડેસિવિર ઈન્જેક્શનની અછત તો છે જ પરંતુ હવે રેપિડ ટેસ્ટ માટેની કીટ પણ મળે તો નસીબ..જેવી સ્થિતિ ઉભરી આવી છે.

કોરોનાનું સંક્રમણ બેકાબુ બનવાની સાથે માનવભક્ષી બન્યું છે. સરકારી કોવિડ હોસ્પિટલમાં જગ્યા નથી. ડેજીગ્નેટેડ ખાનગી કોવિડ હોસ્પિટલમાં પણ દર્દીઓને બેડ ખાલી નથી..ના જવાબ મળે છે. પ્રજા હવે પોતાનું સ્વજન કોરોનાગ્રસ્ત બને તો સારવાર માટે અરવલ્લી જિલ્લાની સરહદો ઓળંગી વડોદરા, ગાંધીનગર, અમદાવાદ અને હિંમતનગરની વાટ પકડે છે ત્યાં નસીબ હોય તો બેડ મળે છે અને દર્દીની સારવાર શરૂ થાય છે પરંતુ અરવલ્લી જિલ્લામાં પ્રથમ દિવસથી જ તંત્રના આયોજનમાં ખાટલે ખોડની સ્થિતિ જોવા મળી છે. લાગવગશાહી હોય ત્યાં રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો ઠલવાઈ ગયો છે અને હવે તબેલામાંથી ઘોડા નાસી છૂટ્યા પછી તાળાં મારવા જેવો ઘાટ ઉભો કર્યો છે જેના કારણે અનેક ક્રીટીકલ અવસ્થામાં સરી પડેલા કોરોનાગ્રસ્ત દર્દીઓ રેમડેસિવિર ઈન્જેક્શન માટે કણસતા જોવા મળી રહ્યા છે. કોરોનાનું સંક્રમણ વધ્યા પછી પ્રજા સ્વયંમ હવે પોતાને કોરોના છે કે કેમ તેનો ટેસ્ટ કરવા માટે સરકારી દવાખાનામાં પહોંચે છે પરંતુ છેલ્લા ૪-૫ દિવસથી રેપિડ ટેસ્ટ માટેની જૂજ કીટ ફળવાતી હોવાથી અછત સ્પષ્ટ જોવા મળી છે. જાણવા મળ્યા મુજબ જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યા પછી ઓછા કેસ દર્શાવવા માટે તંત્ર સર્જીત કીટની અછત હોવાની ચર્ચા છેડાઈ છે.

પોલીસ રક્ષણની માંગ : વાત્રક કોવિડ હોસ્પિટલમાં ડૉક્ટર ઉપર હુમલાથી ચકચાર, પોલીસ ફરિયાદ

કોરોનાગ્રસ્ત મહિલા દર્દીનું મોત નિપજ્યાનું જણાવતાં પુત્રએ ડોક્ટરની ફેંટ પકડી હુમલો કર્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

વાત્રક કોવિડ હોસ્પિટલમાં ડેમાઈ ગામની મહિલા દર્દીનું કોરોનાની સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. હોસ્પિટલના ડૉ.ધાર્મિક આહીરે તેમના સબંધીને બોલાવી મોત અંગેની જાણકારી આપવા ગયા ત્યારે મૃતકના પુત્ર હર્ષ સુરેશભાઈ સુથારે ફેંટ પકડી હુમલો કરતાં સહાયક સ્ટાફ ડઘાઈ ગયો હતો. હુમલા અંગેના સી.સી.ટીવી ફૂટેજ બહાર આવતાં ડૉક્ટર ઉપર હુમલો કરનારા યુવાન સામે કાર્યવાહી કરવાની માંગ સાથે સ્ટાફ રાત્રે બાયડ પોલીસ સ્ટેશન દોડી આવ્યો હતો. પોલીસે હુમલા અંગેની જાણવા જોગ લઈ તપાસ હાથ ધરી છે.

જિલ્લામાં કોરોનાની સારવાર કરતી સરકારી કોવિડ હોસ્પિટલમાં અસુવિધા અને સ્ટાફ બાબતે અત્યંત ગંભીર આક્ષેપ થઈ રહ્યા છે. વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલમાં એક પછી એક વિવાદ સામે આવતાં

કોરોનાગ્રસ્ત દર્દીને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા પછી તે ઘરે પરત આવશે કે કેમ..?? તેને લઈને સબંધીઓ આશંકા અનુભવતા હોય છે. અગાઉ કોરોનાગ્રસ્ત મહિલાના મોત પછી મૃતદેહ બદલાઈ જવો, અન્ય સ્થળે અગ્નિ સંસ્કાર થઈ જવા સહિતની બેદરકારી જગજાહેર છે. તાજેતરમાં સરસોલીના યુવાનનું મોત નિપજ્યા પછી પણ ઓછા સ્ટાફ બાબતે હોબાળો મચેલો છે. ગત રોજ વધુ એક હોબાળાએ વાત્રક કોવિડ હોસ્પિટલની કામગીરી સામે સવાલ ઉભા કર્યા છે. સૂત્રો પાસેથી મળેલી જાણકારી અનુસાર ડેમાઈ ગામના કલ્પનાબેન સુથાર કોરોનાથી ચેપગ્રસ્ત થતાં સારવાર માટે વાત્રક કોવિડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા તેમની તબિયત સુધારા ઉપર હતી અને ગત રોજ સમી સાંજે તેઓ મૃત્યુ પામ્યા. દર્દીના મૃત્યુ અંગે તેમના સબંધીઓને જાણકારી આપવાની હોય છે તે મુજબ ડૉક્ટર દ્વારા તેમના સબંધીને બોલાવી મોત અંગે જાણકારી આપતા હતા ત્યારે જ તેમનો પુત્ર એકાએક ઉશ્કેરાઈ જઈ ડૉક્ટર ઉપર હુમલો કર્યાની ઘટના સી.સી.ટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. બાયડ પોલીસે મળેલી લેખિત અરજીના આધારે તપાસ શરૂ કરી છે.

તલોદની બેન્ક ઓફ બરોડા આગળ સોશિયલ ડીસ્ટન્સના લીરા ઉડ્યા, કાળઝાળ ગરમીમાં સુવિધાનો અભાવ

સિક્યુરીટી સ્ટાફનો ગ્રાહકો સાથે ઉદ્ધત વર્તનના આરોપ

તલોદ, તા.૨૩

કોરોનાના વધતા ચેપ પછી આર.બી.આઈ.ની ગાઈડલાઈન અનુસાર બેન્કોમાં કામકાજનો સમય સવારે ૧૦-૦૦ થી ૨-૦૦નો કરવામાં આવ્યો છે. તલોદની બેન્ક ઓફ બરોડા આગળ સવારથી ગ્રાહકો દૂર દૂરથી બેન્કના કામકાજ માટે આવ્યા ત્યારે સોશ્યલ ડીસ્ટન્સના લીરા ઉઠ્યા. કાળઝાળ ગરમી છતાં ગ્રાહકોને છાંયડો મળે તેવી કોઈ સુવિધા ઉભી કરવામાં આવી ન હતી. જ્યારે સ્થાનિક સિક્યુરીટી સ્ટાફનો ગ્રાહકો સાથે ઉદ્ધત વર્તનનો આરોપ લાગ્યો છે.

નેશનાલાઈઝ બેન્કોમાં ગ્રાહકો સાથે તુમાખી ભર્યો વર્તાવ થતો હોવાની ફરિયાદોમાં વધારો થયો છે. જાણે કે બેન્કોને ગ્રાહકોની કોઈ પરવાહ ન હોય તેવા આક્ષેપ મોટાભાગના શહેરી વિસ્તારોમાંથી સાંભળવા મળતા હોય છે. ખેડૂતો ખેતી કામમાંથી માંડ નવરા થયા એટલે બેન્કના કામકાજ માટે બેન્કોમાં પહોંચે છે. કોઈને કે.સી.સી. રીન્યુઅલ કે પછી અન્ય ધિરાણ મેળવવાનું હોય એટલે બેન્કના પગથિયા સુધી પહોંચે છે પરંતુ આ બધામાં તલોદની બેન્ક ઓફ બરોડા આગળ આવીને ઉભેલા ગ્રાહકો સાથે સ્ટાફ તોછડાઈ ભર્યું વર્તન કરી અપમાન કરતો હોય તેવી લાગણી મોટાભાગના ગ્રાહકોમાંથી બહાર આવી છે. રીજીયોનલ ઓફીસના જવાબદારોએ તલોદની બેન્ક ઓફ બરોડામાં આવતા ગ્રાહકો સાથે થતા અસભ્ય વર્તનની ફરિયાદમાં તથ્ય છે કે કેમ..?? તેની તપાસ કરાવવી. જે પણ કોઈ કસૂરવાર હોય તેની સામે પગલાં ભરવાની માંગ થઈ છે.

તલોદના પુંસરીમાં કોરોના યુવાનને ભરખી ગયો, એકના એક પુત્રના મોતથી માતમ

તલોદ, તા.૨૩

તલોદ તાલુકાના પુંસરીના કોરોના સંક્રમિત સંજય રમણભાઈ વણકરનું મોડાસા કોવિડ સાર્વજનિક હોસ્પિટલમાં મોત નિપજતાં એકના એક પુત્રના મોતથી પરિવારમાં માતમ છવાયો છે. છેલ્લા કેટલાય દિવસથી પુંસરી સહિત અન્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સ્થાનિક તંત્ર દ્વારા મરણિયા પ્રયાસો શરૂ થયા છે છતાં ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. કોરોનાની બીજી લહેર ધારણા કરતાં વધુ જીવલેણ સાબિત થઈ રહી છે. અગાઉ કોરોનાથી સંક્રમિત ડાયાબીટીશ અને બી.પી.ના દર્દી મોતને ભેટતા હોવાનું અનુમાન હતું પરંતુ બીજી લહેરમાં બાળકો, યુવાનો, વૃદ્ધો સહિત અનેક લોકો હોમાઈ રહ્યા છે. કોરોનાના પ્રાણઘાતક સ્વરૂપથી ડૉક્ટરો અને વૈજ્ઞાનિકો હેબતાઈ ગયા છે. કોરોનાથી બચવા માટે જરૂર હોય તો જ ઘરની બહાર નિકળવું, સોશ્યલ ડિસ્ટન્સ જાળવવું, માસ્ક ફરજીયાત પહેરવાનું પાલન કરવું પડશે. તલોદના પુંસરી ગામના રમણભાઈ વણકરના પુત્ર કોરોનાથી સંક્રમિત થયા અને તબિયત લથળતાં તાબડતોબ સારવાર માટે મોડાસાની સરકારી કોવિડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ ગત રોજ સારવાર દરમ્યાન મોત નિપજતાં પરિવાર તેમજ સબંધીઓમાં માતમ છવાયો હતો.

કોરોનાએ ભારે કરી : ઉત્તર ગુજરાતમાં લગ્ન સમારંભ માટે રજીસ્ટ્રેશન ફરજીયાત

કોરોના બેલગામ બન્યા પછી રાજ્યમાં લગ્ન સમારંભ માટે રજીસ્ટ્રેશન ફરજીયાત કરાયું છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં જેમને પણ ત્યાં લગ્નના આયોજન થયા છે તેમને ડીજીટલ ગુજરાત પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા માટે ગૃહ વિભાગ દ્વારા જણાવી દેવામાં આવ્યું છે. આજથી લગ્નસરાના પ્રસંગો શરૂ થઈ રહ્યા છે. અનેક પરિવારોએ ૫૦૦ થી ૧૫૦૦ માણસોના જમણવારના આયોજન કર્યા છે તેમને છેલ્લી ઘડીએ જમણવાર ટૂંકાવી માત્ર ૫૦ માણસનો કરાતાં પરિવારમાં જ વિખવાદ સામે આવ્યા છે. સગાંને જ લગ્નના આમંત્રણથી પડતા મૂકવાની નોબત આવી છે.

કોરોના ફેલાવવા પાછળ વધુ લોકો એકઠા થવા મુખ્ય કારણ હોવાનું વૈજ્ઞાનિકો અને આરોગ્ય વિભાગે સ્વીકારી લીધું છે. રાજકીય મેળાવડાઓ પછી લગ્ન સમારંભોમાં જ સૌથી વધુ મેદની એકત્ર થાય છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લગ્નના અવસરમાં ૫૦ થી વધુ લોકો એકઠા કરનારા વરરાજા, આયોજક, રાસગરબા પાર્ટી, મંડપ-ડેકોરેશનના માલિક સામે ગુના નોંધાયા પછી અનેક લગ્નના આયોજકોમાં ફડક પેસી છે. લગ્નનો અવસર ઉજવીએ કે પછી પોલીસ આંગણે આવે તે સારૂ લાગે..??

બાયડ તાલુકામાં ઉંઘતું તંત્ર, તાલુકા પંચાયત કચેરી આગળ કોરોના મહામારીનું બોર્ડ ધરાશાયી

કચેરીના વહીવટની જેમ આરોગ્ય વિષયક કામગીરી તળીયે, ૩ દિવસથી બોર્ડ તમાશો બન્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

કોરોના મહામારી સામે સરકાર જજૂમી રહી છે. દવાઓ, વેક્સિનેશન, સેનેટાઈઝ માટે સરકારે તિજોરી ખુલ્લી મૂકી દીધી છે ત્યારે બાયડ તાલુકામાં ઉંઘતા તંત્રનું દ્રશ્ય સામે આવ્યું છે. બાયડ તાલુકા પંચાયત કચેરી આગળ કોરોનાથી અન્યોને બચાવી જાતે બચવાનું છે, સ્વસ્થ્ય સલામત આદર્શ બનવાનું છે..નું સરકારનું બોર્ડ ધરાશાયી થયાના ૩ દિવસ પછી પણ એમનું એમ રહેતાં તમાશો બની ગયું છે. કચેરીના વહીવટની જેમ આરોગ્ય વિષયક કામગીરી પણ તળીયે જઈ રહી છે. તાલુકા પંચાયતના મહિલા અધિકારીએ શું આ બોર્ડ નિહાળ્યું નહીં હોય કે પછી તેમને પણ અન્ય અધિકારીઓની જેમ આંખે મોતિયા આવ્યા છે..??

રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડ તાલુકામાં વિકાસના બદલે વિનાશ થાય તેવી કામગીરીમાં વિઘ્ન સંતોષીઓ વધુ માહેર હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. બાયડ તાલુકા પંચાયત કચેરી આગળ જ ગંદકીના ઢગ, કાટમાળ ઠલવાયો હોવા છતાં મહિલા અધિકારીને સ્વચ્છતા અભિયાન કેમ યાદ આવતું નથી તે સમજાતું નથી. કહેવાય છે કે મહિલા અધિકારી પોતાની કચેરીનો ટેલિફોન પણ ઉપાડતા નથી. લાગે છે કે ટેલિફોનથી પણ કોરોના વાયરસ પ્રસરતો હોવાનું તેમના ધ્યાન પર હોય..ખેર જે હોય તે પરંતુ અત્યારે તો બાયડ તાલુકા પંચાયત કચેરીના મુખ્ય પ્રવેશદ્વાર આગળ મુખ્ય મંત્રી દ્વારા કોરોનાથી અન્યોને બચાવવા માટે સંદેશો આપવામાં આવ્યો છે અને તેના હોર્ડીંગ્સ સમગ્ર જિલ્લામાં મોટાભાગની સરકારી કચેરી આગળ લગાડવામાં આવ્યા છે પરંતુ મોટા વહીવટમાં માહેર બાયડ તાલુકા પંચાયત કચેરી આગળ જ સરકારનું બોર્ડ ધરાશાયી થઈને તમાશો બની ગયું છે. રાજ્ય સરકાર આ મુદ્દાને ગંભીરતાપૂર્વક લઈ ધરાશાયી થયેલા બોર્ડને કેમ યોગ્ય જગ્યાએ ન ખસેડાયું..?? તેની વિગતો માંગવામાં આવે કે પછી તાલુકા પંચાયતના જવાબદારોને સામાન્ય કામગીરી કરતો સ્ટાફ પણ ગાંઠતો નથી કે શું..?? તેની પણ તપાસ થવી જોઈએ.

દુઃખદ અવસાન

ઈડર તાલુકાના મુડેટી ગામના સંદિપકુમાર સોમાલાલ ભાટીયાનાં પત્નિ રશ્મિકાબેન (રિદ્ધિબેન)નું દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું ટેલિફોનિક બેસણું તા.૨૬ એપ્રિલ, સોમવારના રોજ રાખેલ છે.

બાયડના સોમેશ્વરભાઈ ખુશાલદાસ પંડ્યાનું દુઃખદ અવસાન થયેલ છે.

●●●

બાયડના જાણીતા ગાયક અને દરજી સમાજના અગ્રણી સુરેશભાઈ

ચંદુભાઈ દરજીનું દુઃખદ અવસાન થતાં સમસ્ત દરજી સમાજ અને શ્યામ ભજન મંડળના સભ્યોમાં ઘેરાશોકનું મોજુ ફરી વળ્યું છે.